આશ્રમશાળા તથા ઉ-તર બુનિયાદી આશ્રમશાળાના
મકાન બાંધકામ ગ્રાન્ટ બાબત..

ગુજરાત સરકાર.
આદિજાતિ વિકાસ વિભાગ.
ઠરાવ ક્રમાંક:-આમશ-૧૪૭૯-૨૪૨૭(૯૨)-ગ.
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૯/૧૨/૯૨

વંચાણમાં લીધા:-(૧)મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૪-૨-૮૦ નો ઠરાવ ક્રમાંક:અમશ-૧૪૭૯-૨૧૮૬-હ.સેલ.

(૨)આદિજાતિ વિકાસ વિભાગનો તા.૫-૪-૮૬ નો સુધારા ક્રમાંક:અમશ/૧૪૭૯/૨૩૦(૮૬)ગ.

(૩)ગુજરાત ખેત વિકાસ પરિષદ, અમદાવાદનો તા.૯-૭-૯૨ નો જા.નં.૫૪૭.

ઠ રા વ :-

આશ્રમશાળા તથા ઉ-તર બુનિયાદી આશ્રમશાળાના મકાનોના બાંધકામ માટે જે તે વખતે જાહેર બાંધકામ વિભાગના એસ.ઓ.આર. મુજબ અંદાજો કિંમતના ૯૦% આદિવાસી વિસ્તારમાં અને ૮૦% બિન-આદિવાસી વિસ્તારમાં ગ્રાન્ટ તા.૪-૨-૮૦ ના ઠરાવથી ચુકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૨. સ્વૈચ્છીક સંસ્થાઓ તરફથી સરકારમાં રજૂઆત કરવામાં આવેલ છે કે બાંધકામના માલસામાન અને મજુરોના ભાવો દર વર્ષે વધતા હોઈ, જે વર્ષમાં આશ્રમશાળા અથવા ઉ-તર બુનિયાદી આશ્રમશાળાના મકાનોની બાંધકામને મંજુરી આપવામાં આવે તે વર્ષના એસ.ઓ.આર. પ્રમાણે ગ્રાન્ટ મંજુર કરવી જોઈએ. વધતા જતા ભાવોને કારણે જાહેર બાંધકામ ખાતાના એસ.ઓ.આર.માં સુધારો થતો રહે છે. પરંતુ હાલમાં જે વર્ષે બાંધકામ માટે મંજુરી આપવામાં આવે તેજ વર્ષના એસ.ઓ.આર.મુજબ ગ્રાન્ટ ચુકવવામાં આવતો હોઈ, સંસ્થાઓ બાંધકામ ખર્ચને પહોંચી વળી શકતી નથી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે સ્વૈચ્છીક સંસ્થા આશ્રમશાળા અથવા ઉ-તર બુનિયાદી આશ્રમશાળાના મકાન બાંધકામ માટેની દરખાસ્તને જે વર્ષમાં મંજૂર કરવામાં આવે તે વર્ષના એસ.ઓ.આર. પ્રમાણે મકાન બાંધકામનો ગ્રાન્ટ ચુકવવો.

આ ઠરાવનો અમલ હુકમની તારીખથી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરે કરવાનો રહેશે. અને મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૪-૨-૮૦ના ઠરાવ ક્રમાંક:અમશ/૧૪૭૯/૨૧૮૬ હ.સેલમાં જણાવ્યા મુજબની અન્ય શરતો યથાવત રહેશે.

..૨..

આ ઠરાવ સચિવશ્રી(ખર્ચ)નાણાં વિભાગની તા. ૪-૧૦-૯૨ અને અધિક મુખ્ય સચિવશ્રી નાણાં વિભાગની તા. ૨૦-૧૦-૯૨ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

નવીન ભાવસાર
સેક્શન અધિકારી,
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
- ઉપસચિવશ્રી, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આશ્રમશાળા અધિકારીશ્રી, ગાંધીનગર, વડોદરા અને સુરત.
- નાણાં વિભાગ.
- બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ.
- આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર.
- સર્વ પ્રાયોજના વહીવટદારશ્રીઓ.
- મદદનીશ સિલેક્ટ ફાઈલ/શાખા સિલેક્ટ ફાઈલ.